# શ્રીહેમચન્દ્રાચાર્ય
# અને તેમણે રચેલ
# શ્રીમહાદેવ બત્રીશી - સ્તોત્ર.


લેખકઃ
-પં. શીલચન્દ્રવિજય ગણિ.

# શ્રીહેમચન્દ્રાચાર્ય
# અને તેમણે રચેલ
# શ્રીમહાદેવ બત્રીશી - સ્તોત્ર.

લેખકઃ
-પં. શીલચન્દ્રવિજય ગણિ.

પ્રકાશક :

શ્રી જૈન ગ્રન્થ પ્રકાશન સમિતિ, ખંભાત

વિ.સં. ૨૦૪૫ હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી-વર્ષ

મૂલ્ય : ૫ રૂપિયા

પ્રતિ : ૫૦૦

(C.) સુરક્ષિત

આ પ્રકાશનમાં શ્રીકારેલીબાગ જૈન સંઘનાં શ્રાવિકા બહેનો

તરફથી રૂ. ૨૦૦૦ની સહાય પ્રાપ્ત થઈ છે.

પ્રાપ્તિસ્થાન : શ્રીવિજયનેમિસૂરિજ્ઞાનશાળા, પાંજરાપોળ, અમદાવાદ- ૩૮૦ ૦૦૧

મુદ્રક : અમૃત પ્રિન્ટર્સ અમદાવાદ

ફોન : ૩૬૯૮૫૨

# શ્રીહેમચન્દ્રાચાર્ય
# અને તેમણે રચેલ
# શ્રીમહાદેવ બત્રીશી - સ્તોત્ર.

-પં. શીલચન્દ્રવિજય ગણિ.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યનું નવસોમું જન્મવર્ષ - સંવત ૧૧૪૫-૨૦૪૫ પ્રવર્તી રહ્યું છે. તે તેમના ગુણગાન કરવાનું, તેમના જીવન અને કવન વિશે ચિંતન-પરિશીલન-સ્વાધ્યાય કરવાનું અને તેમનાં જીવન તથા કાર્યોનું મૂલ્યાંકન કરવાનું એક સબળ નિમિત્ત પૂરૂં પાડે છે.

એમનો જન્મદિવસ છે કાર્તકી પૂર્ણિમા. આ દિવસ કેટલો બધો મહિમાવંતો છે ! બૌધ્ધધર્મના આદિપુરુષ ભગવાન તથાગત બુદ્ધનો જન્મદિન આ કાર્તકી પૂર્ણિમા છે; શીખ સંપ્રદાયના પ્રવર્તક ગુરુ નાનકદેવનો જન્મદિવસ પણ આ જ છે. અને જૈન આત્મસાધક શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ પણ આ જ દિવસે થયો હતો ! ક્યારે જન્મવું એ મનુષ્યની ઈચ્છાને વશ નથી એ સાચું હોવા છતાં પણ, મહાન આત્માઓનો જન્મસમય કે જન્મદિન, યોગાનુયોગે કે અત્યંત સહજ રીતે જ, એવો તો યોજાઈ જાય છે કે, પછી એ મહાન વ્યક્તિ વિદેહ થયા પછી, આગામી પેઢીઓ માટે એ દિવસ ઉત્સવના અને પ્રેરણાના મંગલપર્વ-સ્વરૂપ બની જાય છે.

શ્રીહેમચન્દ્રાચાર્યનું એકંદર-સમગ્રસ્પર્શી મૂલ્યાંકન કરવું હોય, અને તે પણ ખૂબ સંક્ષેપમાં જ, તો તેમના જીવનને ચાર વિભાગોમાં વહેંચી દેવું પડે : ૧. સાહિત્યનું સર્જન. ૨. સંસ્કાર પિંડનું નિર્માણ. ૩. અમારિ પ્રવર્તન. ૪. બ્રહ્મ-યોગ-તપોમય જીવન.

ઈન્દ્ર, પાણિનિ, કાત્યાયન, પતંજલિ, શાકટાયન-અમરસિંહ, ધનંજય-ધનપાલ, ભટ્ટી, ગુહસેન-કાલિદાસ, વાલ્મીકિ, વ્યાસ-હરિભદ્રસૂરિ, માતૃચેટ-મમ્મટ આ બધા જ ભારતીય આર્યસંસ્કારના સમર્થ ઉદ્‌ગાતાઓ છે. તે સહુએ અલગ અલગ રૂપે, અલગ અલગ સમયખંડમાં, જે સાહિત્યપ્રકારો રચ્યા, તે તમામ સાહિત્યપ્રકારો હેમચન્દ્રાચાર્યે એકલા હાથે રચ્યા છે, અને આ સૌના ઉત્તમ અંશોને અંગીકાર કરી તેમાં પોતાનું સત્ત્વ ઉમેરી ભારતવર્ષને વિલક્ષણ સાહિત્યખજાનો ભેટ કર્યો છે.

ગૂજરાત અને તેના અધીન અઢાર રાજયો એટલે કે આજનું અર્ધાથી યે વધુ હિંદુસ્તાન, તેમાં નૈતિક મૂલ્યોના સંસ્કાર સિંચવાનો સઘન-સબળ-સભાન પુરુષાર્થ હેમચન્દ્રાચાર્યે કર્યો. આ પુરુષાર્થ ગૂર્જરધરતીમાં સંપૂર્ણતઃ ફળદ્રૂપ બન્યો. ગૂજરાતની ભાષા-લોકબોલીમાં નવો પ્રાણસંચાર આ કારણે થયો. ને આ જ કારણે ગૂર્જર પ્રજામાં દયા, ઉદારતા, મૃદુતા, સભ્યતા, લજજા, સૌહાર્દ, સહિષ્ણુતા જેવાં તત્ત્વોનો અવતાર થયો. દારૂ-જુગાર જેવાં વ્યસનોથી તથા ખૂનામરકી જેવાં દુષ્કર્મોથી ગૂજરાતની પ્રજા આજે પણ સરખામણીમાં બચી શકી હોય તો તેના મૂળમાં હેમાચાર્ય દ્વારા થયેલાં સંસ્કારવાવેતર જ હોવાનું સમજવું જોઈશે.

અહિંસા-ભૂતદયા એ હેમચન્દ્રાચાર્યનો જીવનધર્મ હતો, અને જીવનધ્યેય પણ. સ્વયં વીતરાગ-શ્રમણ હતા. એટલે અહિંસાનું પરિશુધ્ધ આચરણ નિજજીવનમાં તો હતું જ, અને એ આચરણે તેમજ તેવા દયામય આચરણના પ્રેરક પરિબળોએ તેમના ચિત્તમાં એક અલૌકિક ઝરો પ્રગટાવ્યો હતો : દયાનો ઝરો. "કોઈનેય દુ:ખ ગમતું નથી, સૌ સુખી થવા-સુખમય જીવન જીવવા ચાહે છે; કોઈનેય ત્રાસ-ભય-ઉપદ્રવ કે મૃત્યુ ન આપવા એજ મનુષ્યનો ધર્મ અને એથી જ કુદરતના કાનૂનની અદબ પણ જળવાય; મનુષ્યે માત્ર મનુષ્યને જ નહિ, પણ મનુષ્યેતર કોઈ પણ પ્રાણીને સતાવવા કે મારવા તે પ્રાણીસૃષ્ટિનો અને કુદરતનો અક્ષમ્ય અપરાધ બની રહે;"-આ વિચારધારાથી તેમનું હૃદય સદાય આર્દ્ર રહેતું. તેમણે કહ્યું : "માણસ એક ડાભની સળી પોતાના અંગ ઉપર કોઈ ધોંચે તોય સહન નથી કરી શકતો- બલ્કે ચીસ પાડી ઉઠે છે ને બદલો લેવા ગુસ્સાથી ધાય છે; અને એ જ માણસ, વિના કારણે, માત્ર પોતાના ક્ષુલ્લક સ્વાર્થની, પેટની અને વહેમની તૃપ્તિ ખાતર બીજાં પ્રાણીઓને તીક્ષ્ણ હથિયારથી મારી નાખતાંય અચકાતો નથી, આ કેવી વિડંબના છે ! શું તે વખતે તેને પેલી સળી ધોંચવાથી થયેલી વેદનાય નહિ સાંભરતી હોય ?" તેમને અહિંસાનું જીવંત કે પુરુષાકાર રૂપ-અહિંસાપુરુષ-નિ:શંક કહી શકાય તેવી તેમની અહિંસા પ્રત્યેની ભક્તિ અને આસ્થા હતી. અને આ બળકટ આસ્થાએ જ એમને એક પ્રચંડ તક પૂરી પાડી : કુમારપાળના પરિચય રૂપે; જેનો ઉપયોગ તેમણે ગૂજરાતમાં અને ગૂજરાત દ્વારા શાસિત પ્રદેશો-રાજયોમાં અહિંસાના પ્રસારણ-પાલન માટે સમુચિત રીતે અને સમુચિત સાધનો વતી કર્યો, અને એ રીતે ગૂજરાતને અહિંસાની સંસ્કૃતિનું માદરેવતન તેમજ અહિંસાનું સંદેશવાહક બનાવી દીધું.

એક વાત, પ્રસંગોપાત્ત, અહીં નોંધવી ઉચિત છે. આજે જેમ લોકશાહી સમવાયતંત્રમાં એક મધ્યસ્થ સરકાર અને તેના આશ્રયે અલગ અલગ રાજય સરકારો આ દેશનો વહીવટ કરે છે; અને તેમાં સમગ્ર દેશને કે પ્રજાને સ્પર્શતી કે તે સિવાયની પણ કેટલીક ચાવીરૂપ બાબતોમાં મધ્યસ્થ સરકારનો આદેશ પ્રવર્તે છે તો બીજી પ્રાન્તીય કે સ્થાનિક બાબતોમાં જે તે પ્રદેશની રાજયસરકારનો અમલ પ્રવર્તતો રહે છે; લગભગ તે જ પ્રકારે, અણહિલપુર પાટણ જયારે ગૂજરાતની રાજધાની હતી અને ગૂજરાત એ કેન્દ્રીય સત્તા બની ગયું હતું ત્યારે, ગૂજરાતભરમાં અને આજના કેન્દ્રશાસિત પ્રદેશો સમાન સીધા ગૂજરાતશાસિત પ્રદેશોમાં તો કુમારપાળનો સંપૂર્ણ અહિંસાનો અને વ્યસનમુક્તિનો કાયમી હુકમ પ્રવર્તતો હશે; પરંતુ કુમારપાળના ખંડિયા રાજાઓનાં રાજયોમાં અહિંસા આદિનો કાયમી સંપૂર્ણ અમલ થતો જ હોય તેવું નથી. અહિંસાનું સંપૂર્ણ કે શકય વધુમાં વધુ પાલન કરવું તે કુમારપાળનો આદર્શ આદેશ હશે, પરંતુ તેના પરિપૂર્ણ કે આંશિક પાલનની બાબતમાં ખંડિયા રાજયોને સ્વતંત્રતા હશે. નડ્ડુલ(નાડોલ)ના રાજા આલ્હણદેવ, જે કુમારપાળના ખંડિયા રાજા હતા અને પરમ શૈવ હોવા છતાં કુમારપાળના અહિંસાપાલનના આદેશને પાળતા હતા, તેમણે પોતાના રાજયમાં અહિંસાપાલન માટે આપેલું એક ફરમાન, મારવાડમાંથી શિલાલેખરૂપે પ્રાપ્ત છે. જેમાં તેમણે પ્રત્યેક પખવાડિયાની આઠમ, અગિયારશ અને ચૌદશે જીવહિંસા ઉપર પૂરો પ્રતિબંધ ફરમાવ્યો છે. વિ. સં. ૧૨૦૯ના આ શિલાલેખમાં કુમારપાળના પોતે આજ્ઞાકારી હોવાનું સ્પષ્ટ સૂચન છે.

ઉપર કહેવાયું તેમ, આ શિલાલેખનો અર્થ વિચારતાં, મધ્યસ્થ સરકાર અને રાજયસરકારની વ્યવસ્થા જેવું જ તે કાળમાં પણ કાંઈક પ્રવર્તતું હશે તેમ તારવી શકાય તેમ છે. કુમારપાળ પોતાના પ્રદેશમાં સંપૂર્ણ ને કાયમી અહિંસાપાલન કરાવતો હશે, અને તેમ છતાં આશ્રિત રાજાઓનાં રાજયોમાં શક્ય અહિંસાપાલનનો આગ્રહ સેવીને જ તેણે સંતોષ સ્વીકાર્યો હશે. આજે પણ ઘણીવાર એવું બને છે કે મધ્યસ્થ સરકારના અન્વયે રજા હોય, ત્યારે રાજય સરકારના અન્વયે રજા ન પણ હોય. અથવા રાજયસરકારના અન્વયે રજા હોવા છતાં બેંક હોલીડે નથી પણ હોતો. કાંઈક આવુંજ કુમારપાળના શાસનમાં પણ હશે. અને તે પણ પરંપરાગત પદ્ધતિ અનુસાર જ હશે, એમ માનવામાં ખોટા ઠરવાનો ભય નથી લાગતો.

પરંતુ, આપણા વિશ્વવિખ્યાત (હવે સ્વ.) પુરાતત્ત્વવિદ શ્રી હસમુખભાઈ સાંકળિયાએ ઉપર્યુકત શિલાલેખનો જ આધાર લઈને, ગોવધબંધી સાથે તેને સાંકળીને,ગોવધબંધીના મુદ્દા પર સરકારનો બચાવ થઈ શકે તે પ્રકારે કુમારપાળના રાજમાં પણ સંપૂર્ણ ગોવધબંધી શકય નહોતી બની તેવું વિધાન કર્યું છે. ડૉ. સાંકળિયાની આત્મકથા "પુરાતત્ત્વને ચરણે" (આર. આર. શેઠની કંપની, ૧૯૮૫) ના ૧૩૮મા પૃષ્ઠ પર નોંધાયેલ શબ્દો આ પ્રમાણે છે :-

"આ જ રીતે સરકાર પર ગોવધબંધી લાદવાનું પણ બરાબર ન હતું એમ મને લાગ્યું હતું. કારણ ભારતના દીર્ઘ ઈતિહાસમાં કોઈ કાળે સંપૂર્ણ ગોવધબંધી ન હતી. જૈનધર્મના મહાન આશ્રયદાતા કુમારપાળ જેવો રાજા હિંદુ રાજયમાં પણ ગોવધબંધી લાદી શકયો ન હતો. પખવાડિયામાં ત્રણ દિવસ ગોવધબંધી પાળવાનું ફરમાન એ કાઢી શકયો હતો."

ડૉ. સાંકળિયા, આ પછી, સ્વયં નોંધે છે કે આ લખાણવાળા લેખ અંગે તેમને ખૂબ ટીકાઓના ભોગ બનવું પડેલું, પણ તેઓ તટસ્થ સંશોધનના પરિણામે મળેલા તારણને-સત્યને બરાબર વળગી રહ્યા હતા - વગેરે.

ડૉ. સાંકળિયાની વિશિષ્ટ વિદ્વત્તા પ્રત્યે સંપૂર્ણ આદરનો ભાવ હોવા છતાં, તેમનાં ઉપર્યુક્ત વિધાનો સાથે સંમત થવાનું મન થાય તેમ નથી . તેનાં કારણો બહુ સ્પષ્ટ છે., તે આ -

૧. કુમારપાળના સમયમાં ગોવધબંધીની સમસ્યા હતી જ નહિ; ઓછામાં ઓછું આજે જે સ્વરૂપે છે, તે સ્વરૂપે તો નહોતી જ . બીજું કુમારપાળનો આદર્શ માત્ર ગોવધબંધી ન હતો, પણ પ્રાણીમાત્રને અભયદાન આપવાનું તેનું વલણ હતું. પોતાના રાજયમાં કોઈપણ મનુષ્ય કે મનુષ્યેતર અને તે પણ કીડીથી કુંજર સુધીનાં તમામ - પ્રાણીઓની હિંસા ન થાય તે માટે તે અત્યંત આતુર હતો.

૨. જે સં. ૧૨૦૯ ના કિરાડૂના કે તેવાજ બીજા રતનપુરના શિલાલેખનો સંદર્ભ ડૉ. સાંકળિયાએ લીધો છે, તે શિલાલેખોમાં प्राणिनामभयदानं, जीववध, अमारिः – જેવા શબ્દો સ્પષ્ટ મોજૂદ છે. એ શબ્દો જેમાં યોજાયા છે તે વાકયો સ્પષ્ટતયા, મુકરર કરેલા (દર પખવાડિયે ત્રણ) દિવસોમાં કોઈપણ જીવની હત્યા કરવાનો પ્રતિબંધ સૂચવનારાં વાકયો છે; જેમાં તે પ્રતિબંધિત દિવસોમાં હિંસા કરનારને 'પાપિષ્ઠતર' ગણાવ્યો છે,

અને રતનપુરના લેખમાં તો પ્રતિબંધિત દિવસોએ કુંભારોને નીંભાડા પેટાવવા પર પણ નિષેધ ફરમાવવામાં આવ્યો છે.

આ સ્થિતિમાં ગોવધબંધીની વાત જ ક્યાં આવી શકે ?

સવાલ હવે રહ્યો એ કે ભલે ગોવધબંધી નહિ, પણ જીવવધબંધી જ હો, પરંતુ તે પણ કુમારપાળ જેવો હિંસાભીરુ રાજા પણ માત્ર ત્રણ જ દિવસ પૂરતી જ લાદી શક્યો ! કાયમ માટે નહિ જ ને ?

આ સવાલનું સમાધાન ઉપર મૂકેલા કેન્દ્રસરકાર અને પ્રાંતીય સરકારવાળા નિરીક્ષણ દ્વારા મળી રહે છે.

આ બધાંનો સાર એટલો જ કે કુમારપાળ અને તેના ખંડિયા રાજાઓ દ્વારા સર્વાંશે વા અલ્પાંશે જે કાંઈ પણ અહિંસાનું પ્રવર્તન-પાલન થયું તેનું પ્રેરકબળ હેમચન્દ્રાચાર્ય જ હતા. અને તેમના વાવેલા એ દયાસંસ્કાર ગૂર્જર રાજ્યમાં એટલા બધા દૃઢમૂળ બન્યા હતા કે તે પછી સૈકાઓ સુધી તો ખરા જ; પણ આજે પણ, જ્યારે હિંસાભીરુતાને આજના ગૂજરાતના / ગૂજરાતી શાસકો દ્વારા મધ્યયુગના વહેમ અને અંધશ્રધ્ધારૂપ ગણાવવામાં આવે છે અને મનમાંથી સૂગ કાઢી નાંખી વધુને વધુ હિંસા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે ત્યારે પણ, હેમચન્દ્રાચાર્ય દ્વારા વવાયેલા દયા સંસ્કારના અંશો, ગૂજરાત-રાજસ્થાનના ભાગોમાં જોવા અનુભવવા મળે છે.

અને હેમચન્દ્રાચાર્યનું જીવન ? બ્રહ્મની પરમનૈષ્ઠિક સાધનાથી ભર્યું ભર્યું યોગમય અને તપોમય એમનું જીવન એમના કટ્ટા પ્રતિસ્પર્ધીઓને પણ સતત આદર-અહોભાવ પ્રેરતું હશે, એ નિ:સંદેહ બાબત છે. લલાટ પર તપની દીપ્તિ અને સત્ત્વની શ્રી એવી તો વિલસતી હશે કે એમને જોતાં 'શાતામાં છો ?' એવા પ્રશ્ન પૂછતાં જીભ ન ઉપડે, ને અનાયાસે જ આગંતુકોના મોઢામાંથી 'तपो वर्धते ? पुण्यं वर्धते ? ज्ञानं वर्धते ?' જેવા- આત્મનિષ્ઠ ઋષિને જ પૂછી શકાય તેવા પ્રશ્નો સરી પડતાં હશે. ને આ પરમસત્ત્વબળે જ તેમને અનાસક્ત, સમભાવી અને અસામાન્ય સામર્થ્યના સ્વામી બનાવ્યા હશે.

અને આના પરિણામે વિકસેલું એમનું પુણ્યબળ તો જુઓ ! બે બે રાજાઓ, ના, સમ્રાટો એમના ચરણે નમવામાં ને એમના આદેશો ઝીલીને પાળી બતાવવામાં પોતાનું સૌભાગ્ય સમજતા; પોતાનાં નામ સાથે આચાર્યનું નામ પણ જોડાય તેવી તકને વધાવવામાં ગૌરવ અનુભવતા. કદાચ આ રીતે જ હૈમ શબ્દાનુશાસન સિધ્ધરાજ અને હેમાચાર્યનાં નામોના સંયોજન વડે "સિધ્ધહેમ શબ્દાનુશાસન" તરીકે નિર્માયું હશે. અને એથીયે આગળ વધીને, કુમારપાળે તો પરદુ:ખભંજન વીરવિક્રમનું જગતને અનૃણી / દુ:ખમુક્ત કરવાનું અપાર્થિવ સ્વપ્નું રચ્યું-સેવ્યું અને એ દિશામાં પોતાનું સઘળુંયે ન્યોચ્છાવર કરી દઈ, પોતાના નામનો સંવત્ પણ પ્રવર્તાવ્યો. એમાં પણ તેણે કમાલ કરી ! પોતાના ગુરુ હેમાચાર્યનું નામ તો અનિવાર્ય હતું જ તેને માટે, પણ તેની સાથે સાથે, પોતાની હત્યા કરવાનો સતત પ્રયત્ન કરનાર અને પોતાને દાયકાઓ સુધી રાન રાન અને પાન પાન રઝળાવનાર, પોતાના કાકા અને પુરોગામી રાજા સિધ્ધરાજનું પણ નામ તેણે એ સંવત્માં સાંકળીને પોતાની ગુરુપ્રીતિનો તથા ઉદારતાનો અદ્ભુત

પરિચય જગતને કરાવી આપ્યો ! કુમારપાળે પ્રવર્તાવેલા સંવતનું નામ હતું : 'સિધ્ધહેમકુમાર સંવત્.'

સંવત્ સામાન્ય રીતે રાજાના રાજયાભિષેક પ્રસંગે કે પછી તેના મૃત્યુના દિવસે આરંભાતો હોય છે. કુમારપાળના મરણ સમયે તેનો સંવત્ આરંભાય તેવા કોઈ જ સંયોગો નહોતા તે લક્ષ્યમાં લેતાં, તેના રાજયાભિષેકના વર્ષે - વિ.સં. ૧૧૯૯માં - જ તેનો સંવત્ અમલમાં આવ્યો હશે, એમ અનુમાન થયું છે - થાય છે.

આ સંવત્ની નોંધ શ્રીહેમચંદ્રાચાર્યે સ્વયં, પોતાની કૃતિ अभिधानचिन्तामणि ની સ્વરચિત ટીકામાં લીધી છે, તેથી પણ ઉપરોક્ત અનુમાનને સબળ પુષ્ટિ સાંપડે છે. અભિધાનચિન્તામણિના છઠ્ઠાકાંડના ૧૭૨ મા શ્લોકમાં "संवद् वर्षे" આવો શબ્દ - શબ્દાર્થ મૂકી, તેના પરના વિવરણમાં લખ્યું છે કે "यथा—विक्रमसंवत्, सिद्धहेमकुमारसंवदिति."

આ કોશ કુમારપાળના રાજયારોહણ પછી રચાયાનું તો આ ઉલ્લેખથી તેમજ કુમારપાળ વિશેના કોશગત અન્ય ઉલ્લેખથી સ્પષ્ટ જ છે, તે સાથે જ, સિધ્ધહેમકુમાર સંવત્ આ કોશની રચના પૂર્વે જ ચાલુ થઈ ગયો હશે, તે પણ આ ઉલ્લેખથી સિધ્ધ થાય છે. અને એ, રૂઢિઓને લક્ષ્યમાં લેતાં, રાજયાભિષેકના પ્રસંગે જ ચાલુ થયો હોય તેમ અનુમાન કરી શકાય.

જો કે રાજયાભિષેક વખતે કુમારપાળની લાચાર અને પરતંત્ર જેવી દશા; હત્યાથી બચવા કાજે કરવી પડેલી સતત રઝળપાટને કારણે સિધ્ધરાજ તરફ કટુ લાગણીઓ તીવ્રભાવે તેના ચિત્તમાં પ્રવર્તતી હોવાની પૂરી શકયતા; હેમચંદ્રાચાર્યનો સંપર્ક પણ ત્યાર પછી ઘણા વખતે થયો છે તે મુદ્દો; રાજયાભિષેક પછી ક્ષણે ક્ષણે આંતરવિગ્રહની દહેશત અને તે ઉપરાંત આરંભનાં થોડાંક વર્ષો સામંતો અને દુશ્મનો સાથેનાં યુધ્ધોમાં જ વીતાવવાનાં થયાં - આ બધી બાબતોનો વિચાર કરીએ તો રાજયભિષેકના વર્ષે તે વખતે સંવત્ પ્રવર્તન થયું હોય તે વાત બહુ ગ્રાહ્ય બની શકતી નથી. હજી પોતાનું આસન જ સ્થિર ન હોય ત્યાં વિક્રમી કાર્યો કરવાનો તો અવસર કયાં રહે ? ને એવું કર્યા સિવાય સંવત્નું પ્રવર્તન કરવાથી કેવળ હાસ્યાસ્પદ જ બનવું પડે.

ખરતરગચ્છીય પટ્ટાવલીમાં એક ઉલ્લેખ આ સંબંધી મળે છે. તેમાં કુમારપાળ હેમચન્દ્રાચાર્યને વીનવે છે કે "તમે જો મને સ્વર્ણસિધ્ધિ આપો, તો હું પણ વિક્રમાદિત્યની જેમ (પૃથ્વીને અનૃણી કરીને) નવો સંવત્ પ્રવર્તાવું.' (अथैकदा अणहिलपत्तने कुमारपालेन राज्ञा हेमचन्द्राचार्याय प्रोक्तम् : स्वामिन् ! यदि मह्यं स्वर्णसिद्धेरुपायं दद्यास्तर्हि अहमपि विक्रमादित्यवद् नवीनं संवत्सरं प्रवर्तयामि ।)

આ ઉલ્લેખ સૂચવે છે કે કુમારપાળ બાહ્યાંતર વિગ્રહોને જીતીને પોતાનું સબળ શાસન સ્થિર બનાવી રહ્યો તે પછી, હેમાચાર્યના પ્રસંગમાં વધુ ને વધુ રહેતાં રહેતાં લોકોપકારક કર્તવ્યો તરફ બધ્ધલક્ષ્ય બન્યો હશે અને બીજી કોઈજ શત્રુ આદિની કે રાજકીય ઉથલપાથલની ચિંતાથી મુકત બની ચૂકયો હશે ત્યારે - કયારેક - આવી માંગણી તેણે ગુરુ પાસે કરી છે; તેના જવાબમાં ગુરુએ પોતાના ગુરુ દેવચંદ્રાચાર્યને આમંત્ર્યા, સ્વર્ણસિધ્ધિ અર્થે વીનવ્યા ને ગુરુએ તે પ્રાર્થના ઠુકરાવી દઈ શિષ્યને ઠપકો

આપ્યાનો પ્રસંગ તો પ્રસિધ્ધ જ છે. આ ઘટના પછી હેમાચાર્યના પ્રેર્યા કુમારપાળે પોતાની સઘળી શક્તિઓ અમારિપ્રવર્તન તથા પોતાથી શકય રીતે દુઃખી જનોનાં દુઃખ ફેડવામાં નિયોજી હોય - અને એ પછી તેણે સંવત્ પ્રવર્તાવ્યો હોય, એ વધુ શકય છે, અને ઉચિત પણ દીસે છે.

આટલી લંબાણ વિચારણાને અંતે બે તારણ નીકળે છે : એક, અભિધાન ચિન્તામણિની રચના ૧૨૦૭ થી ૯ ના ગાળામાં થઈ હોવાનું અનુમાન વિદ્વાનોએ કર્યું છે, (હેમસમીક્ષા, પૃ. ૭૦ મધુસૂદન મોદી) તે ગેરવાજબી ઠરે છે. કેમકે સંવત્ પ્રવર્તનનો તથા કુમારપાળ રાજર્ષિપરમાર્હત હોવાનો ઉલ્લેખ તટ થમાં છે, (कुमारपालश्चौलुक्यो, राजर्षिः परमार्हतः । मृत–स्वमोक्ता धर्मात्मा मारि–व्यसनवारकः ॥ अभि. ७१४). અને ૧૧૯૯ થી ૧૨૦૯ સુધીનો ગાળો તો કુમારપાળ માટે તીવ્ર સંઘર્ષમય અને ચિંતાગ્રસ્ત જ રહ્યો હોવાનું મનાય છે. એ ગાળામાં તેને શાંતિથી લોકોપયોગી કાર્યો કરવાનો અવકાશ મળ્યો હોય તે શકય નથી જણાતું.

અને બે, કુમારપાળે પોતાના રાજયારોહણ સમયે સંવત્ પ્રવર્તન કર્યું હોય તે સંભવિત નથી. કેમકે તે વખતે તેની તેવી સ્થિતિ જ ન હતી.

પણ તો કુમારપાળે સંવત્ પ્રવર્તન કયારે કર્યું હોય ? ન રાજયારોહણસમયે, ન મરણસમયે, તો તેના રાજત્વકાળ દરમિયાન જ કયારેક તે તેણે કર્યું હોય તે સ્વીકાર્યા પછી પણ, તેનો ચોકકસ સમય કયો નિર્ધારી શકાય ?

આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર કોઈ પ્રબંધમાં પ્રાપ્ત થયો/થતો નથી. આમ છતાં, સિંઘી ગ્રંથમાળામાં મુદ્રિત થયેલ ગ્રંથ "कुमारपालचरित संग्रह"ની અંતર્ગત पुरातनाचार्य संगृहीत कुमारपालप्रबोध प्रबन्ध માં બે ઉલ્લેખો એવા છે કે જેનો ઉપયોગ સંવત્ પ્રવર્તનના સમયનિર્ણય માટે થઈ શકે તેવો છે. તે બે ઉલ્લેખોનો સંદર્ભ ક્રમશઃ આ પ્રમાણે છે :-

(૧) પૃ. ૯૩માં વિ. સં. ૧૨૧૬ના માર્ગશીર્ષ શુદિ બીજના દિવસે શુભ લગ્ને કુમારપાળના 'અહિંસા' કુમારી સાથે લગ્ન થયાનું અદ્‌ભુત રૂપક વર્ણવ્યું છે. એ રૂપકગત કલ્પનાઓને-આલંકારિક વર્ણનને ગાળી નાખ્યા પછી તારવી શકાતું તથ્ય તે આ : સંવત્ ૧૨૧૬માં કુમારપાળે અમારિ પ્રવર્તનના પોતાના ધ્યેયમાં સર્વોચ્ચ લક્ષ્યાંક હાંસલ કરી લીધું હોવું જોઈએ. એ લક્ષ્યસિદ્ધિ તે જ અહિંસા સાથેનું લગ્ન હોવું સંભવે છે.

(૨) અને આ તારણને વિશેષ પુષ્ટિ મળે છે. પૃ. ૧૧૧ પરના બીજા ઉલ્લેખથી. ત્યાં જણાવ્યું છે કે "આજ્ઞાવર્તી અઢાર મંડલો (રાજ્યો)માં પોતાના ઓજના બળે, આદર પૂર્વક, ૧૪ વર્ષ સુધી 'મારિ' (હિંસા)નું કુમારપાળે વારણ કર્યું."

(૩) સિંઘી ગ્રંથમાળામાં છપાયેલા प्रबन्ध चिन्तामणि ગ્રંથમાં પરિશિષ્ટ રૂપે કુમારપાલનો અહિંસા સાથેનો વિવાહ પ્રબંધ છપાયેલ છે. (પૃ. ૧૨૬-૧૨૮)તેમાં લગભગ કુમારપાલ પ્રબોધ_પ્રબંધગત વર્ણન જેવું જ વર્ણન છે, પણ તેમાં પ્રાંતે આ

વાક્યો છે : "अथाऽहिंसादेव्या सार्धं श्री कुमारपालनृपतिर्जीवन्नपि, असमान महानन्दसुखमनुभवन् चतुर्दश वर्षाणि यावत् सुखेनासामास."

આમાં પણ ૧૨૧૬માં અહિંસા સાથે વિવાહ પછી ૧૪ વર્ષ સુધી તેનું પાલન થયાનો નિર્દેશ મળે છે.

આ વિધાનોમાં '૧૪ વર્ષ'નો સ્પષ્ટ આંકડો જે સમયખંડ માટે પ્રયોજાયો છે તે સં. ૧૨૧૬ થી ૧૨૨૯-૩૦નો છે- એ સમજવું તદ્દન સરળ અને ઉચિત પણ છે. અને તેથી જ એ ફલિત થાય છે કે સંવત્ ૧૨૧૬માં કુમારપાળે પોતાના અમારિ પ્રવર્તનના પરમ લક્ષ્યને સંતૃપ્તિકર રીતે હાંસલ કરી લીધું હતું.

અમારિપાલન સિવાયનાં બીજાં કાર્યો, જેવાં કે - બિનવારસી ધન રાજ્ય લઈ લે તે પર પ્રતિબંધ, અઢાર દેશો પર વિજય, માંસ-મત્સ્યાદિ ઉપર જ જે વર્ગની આજીવિકા હતી તે સમગ્ર વર્ગને તે વ્યવસાય છોડાવીને, તેમને નવું આજીવિકાનું સાધન હાથવગું ન થાય ત્યાં સુધી બેકારી-ભૂખમરો ન વેઠવાં પડે તે માટે ત્રણ ત્રણ વર્ષ માટેનું પૂરૂં ભરણપોષણ રાજ્ય તરફથી આપવાનો પ્રબંધ - ઈત્યાદિ અનેક અનેક યશસ્વી અને લોકોપકારક કાર્યો પણ ત્યાં સુધીમાં તેણે કરી જ લીધાં હતાં. એટલે પોતાનાં નિર્ધારિત લક્ષ્યોની સિદ્ધિ મેળવ્યાની ઉજવણીરૂપે કુમારપાળે સંવત્નું પ્રવર્તન કર્યું હોય તેમ માનવામાં કોઈ આપત્તિ જણાતી નથી; બલ્કે આમ માનવું યોગ્ય જણાય છે.

જો આ અનુમાન યથાર્થ ઠરે, તો સં. ૧૨૧૬માં કુમારપાળે પ્રવર્તાવેલો सिद्धहेमकुमार संवत् આરંભાયો હતો તેમ ગણાય. અને તે પછી જ હેમાચાર્યે અભિધાન ચિન્તામણિની રચના કરી હોય તેમ માનવું આવશ્યક બને; અને તો અભિધાન ચિન્તામણિની રચના માટે અનુમાનિત થયેલો ૧૨૦૭-૮નો સમયગાળો આપોઆપ ખોટો ઠરે. તાજેતરમાં પ્રાચીન પોથીઓ તથા લિપિઓના આપણા એકમાત્ર અધિકૃત જ્ઞાતા પં. શ્રી લક્ષ્મણભાઈ ભોજકે દિલ્હીના વિજયવલ્લભસ્મારકગત હસ્તપ્રત સંગ્રહમાં જોયેલી ચૌદમા સૈકામાં સંભવત: લખાયેલી અભિધાન ચિંતામણિ કોશની હસ્તપ્રતમાં પ્રાંતે "૧૧૮૫માં આ પ્રતિ લખાઈ છે"તે મતલબનો ઉલ્લેખ જોયો છે. તેમણે તેનો અર્થ એવો કર્યો છે કે ૧૧૮૫ પૂર્વે આચાર્યે કોશ રચ્યો હશે, તેની ૧૧૮૫માં લખાયેલી પ્રતિની નકલ આ (દિલ્હીવાળી) પ્રતિ હશે. આ વાતને ખરી માની લઈએ તો તો આચાર્યે ૪૦ વર્ષની પોતાની વયે જ કોશગ્રંથ રચ્યો એમ માનવું પ્રાપ્ત થાય.

પરંતુ ઘણો વિચાર કરતાં આ વાત ગળે ઊતરતી નથી. ઈતિહાસના સંદર્ભો પરથી એમ ફલિત થાય છે કે હેમચન્દ્રાચાર્યે સર્વપ્રથમ વ્યાકરણની રચના કરી અને તેનો સમય ૧૧૯૩નો નિશ્ચિત જ છે (હેમ સમીક્ષા, પૃ. ૩૪) વળી, कुमारपाल ને વર્ણવતો શ્લોક પણ આ કોશમાં સ્પષ્ટ મળે છે, જેની ૧૧૮૫માં તો કોઈ શકયતા જ ન હતી.

આ સ્થિતિમાં અહીં કેટલીક અટકળો આ પ્રકારે કરી શકાય:

૧. कुमारपाल અંગેનો શ્લોક તથા સંવત્ અંગેની ટીકા આચાર્યે પાછળથી કોશમાં ઉમેરી આપ્યાં હોય. મૂળે એ ન હોય, પણ બદલાયેલા સંયોગોમાં આચાર્યે ગ્રંથમાં ફેરફાર કર્યો હોય.

૨. જો આ અટકળ યોગ્ય ગણીને ચાલીએ, તો દિલ્હીથી મળેલી ૧૧૮૫ના ઉલ્લેખવાળી પ્રતિમાં कुमारपाल ના વર્ણનવાળો શ્લોક ન હોય - ન હોવો જોઈએ, તે વધુ શક્ય/યોગ્ય ભાસે છે.

૩. અને જો એ પ્રતિમાં પણ એ શ્લોક હોય, તો તો એકજ નિશ્ચય પર આવવું પડે કે એ પ્રતિ ૧૧૮૫ નહિ, પણ ૧૨૮૫ની પોથીની નકલરૂપ હશે. અને લેખદોષને લીધે ૧૧૮૫ લખાયું હશે.

આ અંગે યથાર્થ નિર્ણય તો તે પ્રતિનું અવલોકન ચોકસાઈથી કરીએ તો જ થઈ શકે. પરંતુ ત્યાં સુધી તો અભિધાન ચિંતામણિનો રચના કાળ ૧૨૧૬ આસપાસનો હોવાનું અનુમાન સ્વીકારવામાં બીજી કોઈ આપત્તિ જણાતી નથી.

વિક્રમના ૧૩ મા શતકમાં લખાઈ હોવાનું ખૂબ સહેલાઈથી કલ્પી શકાય તેવી, એક, હૈમ શબ્દકોશોને સમાવતી, તાડપત્રીય હસ્તપ્રતિ, અમદાવાદના 'શ્રી જૈન પ્રાચ્યવિદ્યા ભવન' ના ગ્રંથ સંગ્રહમાં જોવા મળી છે. આ પ્રતિમાં તપાસ કરતાં તેમાં પણ 'कुमारपालश्चौलुक्यो' એ પદ્ય છે, એ વાત પણ અહીં નોંધવી પ્રાસંગિક જણાય છે

૧૨૧૬માં સંવત્ આરંભાયાનું જો સ્વીકારીએ, તો સં. ૨૦૪૫ના આ હૈમ નવમ જન્મ શતાબ્દીના વર્ષે સિધ્ધહેમકુમાર સંવત્ નું ૮૨૯ મું વર્ષ હોય.

सिद्धहेमकुमार संवत् નો એક જવલંત દસ્તાવેજી પુરાવો તો શત્રુંજય તીર્થ ઉપર ચૌમુખજીની ટૂંકના દેરાસરમાં એક સ્થળે બિરાજેલી એક ધાતુપ્રતિમા ઉપરનો કોતરેલો આ લેખ છે : "श्री सिद्धहेमकुमार सं. ४ वैशाख व. २ गुरौ भीमपल्ली सत्क व्यव. हरिश्चन्द्र भार्या गुणदेवि श्रेयार्थ श्रीशांतिनाथबिम्बं कारितं" (જૈન સત્ય પ્રકાશ : વ. ૮ અંક-૩ ક્રમાંક ૯૩).

આ લેખમાં भीमपल्लीसत्क એટલે "ભીમપલ્લીનામક ગ્રામનો રહેવાસી" એવો અર્થ કરવાનો છે. આવો સરળ અને સુસંગત અર્થ ન સમજી શકવાને લીધે કોઈક વિદ્વાને "ભીમપલ્લીસત્ક (? ગચ્છ)" આવો પાઠ વિચારી ભીમપલ્લીનામક ગચ્છ હોવા સુધી પોતાની કલ્પના ચલાવી છે (आत्मवल्लभ – विशेष स्मारिका, दिल्ली – "जैनतीर्थ एवं कला वैभव" विभाग, पृ. ८ १९८९ ई.) જે નિતાંત અયોગ્ય છે.

આ પ્રતિમાલેખમાં જેમ બીજા કોઈ સંવત્ નો નિર્દેશ નથી, તેમ કોઈ પ્રતિષ્ઠાકારક આચાર્યાદિનો પણ ઉલ્લેખ નથી; એટલે સિ. સં. ૪નો અર્થ શું કરવો ? કયું વર્ષ લેવું ? તે પ્રશ્ન પણ અણઉકલ્યો જ રહે. હા, ૧૨૧૬ને સિ. સં. નું આરંભવર્ષ ગણીએ તો તે હિસાબે ૧૨૨૦માં આ પ્રતિમાની પ્રતિષ્ઠા થયાનું સમજી શકાય.

એ જે હોય તે. આપણો મૂળ મુદ્દો તો એ છે કે કુમારપાળે પણ પોતાના નામ જોડે હેમચંદ્રાચાર્યનું નામ જોડવાનો આગ્રહ રાખ્યો હતો અને એમ કરવામાં ગૌરવ અનુભવ્યું હતું, એ આ તથ્ય દ્વારા સિદ્ધ થાય છે. સિદ્ધરાજ અને કુમારપાળ જેવા પ્રતાપી સમ્રાટો ઉપર તેમણે કેવો પ્રભાવ પાથર્યો હશે અને તે બેની કેવી પ્રીતિ સંપાદન કરી શકયા હશે !

ક્યારેક એવી શંકા જાગે કે રાજાઓને રીઝવવા માટે આચાર્યે કેટલા મસ્કા મારવા પડતા હશે ? કેટલી ખુશામતો કરવી પડતી હશે ? પોતાના જીવન અને ચર્યાઓમાં કેટલી બધી બાંધછોડ તેમણે કરી હશે ?

જાગે. અવશ્ય જાગે. "राजा मित्रं केन दृष्टं श्रुतं वा"ના સૂત્રથી પરિચિત કોઈને પણ આવી શંકા થાય જ. પરંતુ આનો જવાબ એટલો જ હોય કે ભૌતિક એષણાઓ અને આસક્તિનાં વળગણો જેને વળગ્યાં હોય તેને માટે આવી શંકા કે કલ્પના જેમ પૂર્ણત: વાસ્તવિક/સમુચિત છે, તેમ પરમનિરીહ, અનાસક્ત અને સૌના કલ્યાણ સાધક સાધુજન માટે આવી શંકા લાવવી તે તદ્દન અવાસ્તવિક/અનુચિત છે. બલ્કે, 'હેમચંદ્રાચાર્યે રાજાની ખુશામત કરવી પડી હશે' એમ નહિ, પરંતુ 'રાજાઓએ હેમચન્દ્રાચાર્યની પ્રીતિ ને સુનજર પામવા માટે સતત મથ્યા કરવું પડતું હશે' એમ કહેવું સત્યની વધુ સમીપનું ગણાશે. અને આમાં એક તરફ હેમચન્દ્રાચાર્યની નિર્લેપ ગરિમા મહેકે છે, તો બીજી તરફ એ રાજાઓ-સત્તાધીશોની પરમોચ્ચ સંસ્કારિતા પણ છતી થાય છે. કેવા સંસ્કૃત હશે એ રાજાઓ કે સાધુતા અને વિદ્વત્તાના ચરણે ઝૂકવામાં પોતે ગૌરવ અનુભવે !

વાસ્તવમાં હેમચન્દ્રાચાર્ય રાજાઓની પ્રીતિનું સંપાદન કરી શક્યા તેનું કારણ એક તો તેમની, તેમને 'સર્વજ્ઞ'ના સિંહાસને આરૂઢ કરે તેવી, સર્વતોમુખી પ્રજ્ઞા હતી, અને બીજું સાંપ્રદાયિક અને જાતિગત વિવાદો, મતભેદોને ઓળંગી ગયેલી તેમની ઉદાર, સહિષ્ણુ એવી તત્ત્વગ્રાહક સમન્વયસાધક દૃષ્ટિ હતી. આ પ્રજ્ઞા અને આ દૃષ્ટિના પરિણામે જ સિદ્ધરાજના "કયો ધર્મ કરવાથી મોક્ષ સંભવે ?" એવા પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય "ચારિસંજીવિનીચાર" નું ઉદાહરણ ટાંકી રાજા-પ્રજાની બુદ્ધિને સંતોષે તેવો સમન્વયસાધક જવાબ આપી શક્યા હતા. અને આ પ્રજ્ઞા/દૃષ્ટિના પ્રેર્યા જ હેમાચાર્ય સોમનાથના શિવાલયમાં રાજા કુમારપાળની સાથે ઊભા રહીને મહાદેવની સ્તુતિ કરી શક્યા હતા.

બન્યું એવું કે કુમારપાળની આચાર્ય તરફની અતિભક્તિથી અકળાયેલા કોઈ તેજોદ્વેષીએ રાજાને ભંભેર્યો કે તમને સારું લગાડવા ખાતર આચાર્ય બધું કહે છે, કરે છે. પરંતુ તમારી સાથે સોમનાથની યાત્રા કરવા આવવાનું કહી જુઓ. નહિ આવે. સિફતપૂર્વક છટકી જશે. રાજાને વાતમાં વજૂદ લાગ્યું હશે, તે એણે આચાર્યને સોમનાથયાત્રાએ સાથે આવવા કહી દીધું. આચાર્યે પળનાય વિલંબ વગર વાતનો તાગ પકડી લીધો ને રાજાની સાથે જવાની હા કહી દીધી. તેજોદ્વેષીઓ ભોંઠા પડી ગયા. પણ વાત આટલે ન પતી. સોમનાથમાં રાજા-આચાર્ય વગેરે પહોંચ્યા ત્યારે ત્યાં શિવાલયમાં આચાર્યને કહેવામાં આવ્યું કે તમને વાંધો ન હોય તો આ શિવલિંગની પૂજા કરો : લો આ સામગ્રી. આચાર્યની અસામાન્ય કસોટીની પળ હતી. પણ સદાસ્વસ્થ યોગી એવા આચાર્યે લેશ પણ ખચકાટ વગર, પૂજાનાં દ્રવ્યો વડે પૂજા સાધુને ન હોય - તેવા નિયમને વળગી રહીને યોગની પ્રક્રિયા દ્વારા ત્યાં એવી શિવપૂજા કરી કે તે જોઈને મંદિરના વિદ્વાન મહંતશ્રી પણ દિંગ બની ગયા ! અને તે પછી તરત જ હેમાચાર્યે ત્યાં જ મહાદેવસ્તોત્ર-મહાદેવ દ્વાત્રિંશિકાની રચના કરીને તેનો પાઠ પણ કર્યો, અને સમગ્ર વાતાવરણને દિવ્ય-ભવ્ય વીતરાગતાથી છાઈ દીધું.

એમનું એ દ્વાત્રિંશિકાસ્તોત્ર તેજોદ્વેષીઓને - ધર્મઝનૂનીઓને સણસણતા જવાબરૂપ હતું, અને એ સાથે જ, દેવ-ઈશ તો વીતરાગ જ હોય; શિવ તો કલ્યાણકર જ હોય - એનું સ્વરૂપ કલ્યાણમય જ હોય; જ્યાં રાગ-દ્વેષ ત્યાં દેવત્વ કે શિવત્વ સંભવે જ નહિ, આ સનાતન સિદ્ધાંતનો બુલંદ નિર્ઘોષ પણ એ સ્તોત્રમાં પડઘાતો હતો. અને સમન્વય તો એ સ્તોત્રના વાક્યે વાક્યે ટપકતો હતો.

સોમનાથના જગવિખ્યાત શિવમંદિરમાં ત્રિમૂર્તિનું-બ્રહ્મા-વિષ્ણુ-મહેશનું મૂર્તિશિલ્પ અવશ્ય તે સમયે મોજૂદ હોવું જોઈએ. એ ત્રિમૂર્તિનું શિલ્પ, ભાવવિભોર અને ઈશમય બનીને સ્તુતિપાઠમાં સમાધિસ્થ બનેલા આચાર્યની નજરે ચડયું હશે, અને એ વિલક્ષણ શિલ્પને જોઈને જ આચાર્યના ચિત્તમાં નવતર ઉન્મેષ ઝબક્યો હશે કે ત્રણ તત્ત્વ અલગ છતાં એક મૂર્તિ કેમ ? ત્રિમૂર્તિનું રહસ્ય શું ? ત્રિમૂર્તિરૂપે પ્રતિષ્ઠિત-બ્રહ્મા-વિષ્ણુ-મહેશ શું છે ? અને એ પળે ચિંતનના દરિયામાં ડૂબકી મારીને એના અતળ ઊંડાણમાંથી આચાર્યને જડી આવેલું રહસ્ય તે આ: -"બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એ કોઈ સ્થૂલ/ભૌતિક તત્ત્વ નથી; એ તો નિરાકાર ગુણાત્મક પરમ તત્ત્વો છે : નામ કોઈ પણ આપો: ચાહે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ કે પછી જ્ઞાન-દર્શન-ચારિત્ર; શબ્દભેદથી પરમ તત્ત્વમાં કોઈ જ ફરક પડતો નથી". રે ! આવો સમન્વય હેમાચાર્ય સમી પ્રચંડ મેધાવંત પ્રતિભા માટે જ સુશક્ય; બાકી તો કોનું ગજું ?

આ મહાદેવ દ્વાત્રિંશિકા વિશે પણ કેટલાંક તથ્યો જાણવાયોગ્ય છે. અત્યારે પ્રવર્તતી રૂઢિ મુજબ-૧. આ સ્તોત્ર મહાદેવ સ્તોત્ર અથવા વીતરાગ મહાદેવ સ્તોત્રના નામે પ્રસિદ્ધ છે. ૨. આ સ્તોત્રના પાઠમાં અત્યારે ૪૪ - ચુમ્માલીશ પદ્યો ઉપલબ્ધ/મુદ્રિત છે, જેમાં ૪૩ અનુષ્ટુભ્ અને એક આર્યા છંદનું પદ્ય છે. ૩. વિદ્વાનોની એવી સમજ રહી છે કે આ સ્તોત્રગત છેલ્લું પદ્ય (૪૪મું) સોમનાથની પૂજા વખતે હેમાચાર્યે કહ્યું હતું. (હેમસમીક્ષા, પૃ. ૨૪૫) વિદ્વાનોની આ સમજનો આધાર, વિભિન્ન પ્રબંધોમાં પ્રસ્તુત સોમનાથયાત્રાના પ્રસંગવર્ણનમાં પ્રસ્તુત સ્તોત્રનો તે-૪૪મો એક જ શ્લોક જોવા મળે છે, તે છે. ૪. આ સ્તોત્રમાં આચાર્યનાં અન્ય સ્તોત્રોમાં મળે છે તેવી દાર્શનિક પ્રૌઢી (કે તેવી બીજી કોઈ વિશેષતા) નથી; સરળ સ્તોત્ર છે.

આ બધી મહાદેવ દ્વાત્રિંશિકા સાથે જોડાયેલી પ્રચલિત ધારણાઓ છે. પરંતુ આ ધારણાઓ બધી સાચી જ છે તેવું નથી. આ ધારણાઓ / રૂઢિઓ કે સમજણ કેટલુંક સંશોધન માંગી લે છે. આપણે ક્રમશ: ચારેય ધારણાઓ વિશે વિચારીએ :

૧. આ સ્તોત્રનું સાચું નામ મહાદેવસ્તોત્ર કે વીતરાગ મહાદેવસ્તોત્ર નહિ, પરંતુ મહાદેવ બત્તીસી કે મહાદેવ દ્વાત્રિંશિકા છે.

૨. આ દ્વાત્રિંશિકામાં તેના નામ અનુસાર બત્રીશ જ પદ્યો (અનુષ્ટુભ્) છે, અને છેલ્લું તેત્રીશમું પદ્ય-ઉપસંહારરૂપ કે ચૂલિકારૂપ-આર્યા છંદમાં છે. આજે ૪૪ પદ્યોમાં આ સ્તોત્ર પ્રચલિત હોય તો તેનો અર્થ એટલો જ કે કાળના થર જેમ જામતા ગયા, તેમ આ સ્તોત્રમાં પણ ઉમેરણો થતાં ગયાં-જે ૩૩માંથી ૪૪ પદ્ય થવા સુધી તો પહોંચ્યાં છે. જોકે દ્વાત્રિંશિકાનાં ૩૨ કે ૩૩ પદ્યોનો સમાવેશ તો આજે પ્રચલિત ૪૪ પદ્યોમાં થાય છે જ, પરંતુ એ ૩૨માં ને ૪૪ અંતર્ગત ૩૨માં ખાસ્સો પાઠભેદ છે.

બીજી રીતે પણ, આ સ્તોત્ર-દ્વાત્રિંશિકાત્મક હોય તે, સ્તુતિકારોની પરંપરામાં તદ્દન બંધબેસતી હકીકત છે. સ્તોત્રોના બંધારણની તથા વિષયની બાબતમાં હેમાચાર્ય તેમના પુરોગામી સિધ્ધસેનદિવાકરસૂરિને અનુસર્યા છે, તે તો પ્રસિધ્ધ વાત છે. સિધ્ધસેનાચાર્ય તેમની દાર્શનિક સંસ્પર્શ ધરાવતી દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાઓ માટે સુખ્યાત છે. ખુદ હેમાચાર્યે પોતાની બીજી બે દ્વાત્રિંશિકાઓ પૈકી એકમાં સિધ્ધસેનનો નામોલ્લેખ કર્યો જ છે, એટલે આ સ્તોત્ર પણ દ્વાત્રિંશિકારૂપે તેમણે નિરમ્યું હોય તે વધુ શક્ય ગણાય.

આ બન્ને તથ્યો તેરમા સૈકાના ઉત્તરાર્ધમાં કે ચૌદમા સૈકાના આરંભમાં લખાયેલી ખંભાતની, એક પ્રાચીન તાડપત્રીય પોથીના આધારે પ્રાપ્ત/પ્રસ્તુત છે, તે નોંધવું રહ્યું.

૩. પ્રબંધકારોએ આખું સ્તોત્ર લખવાનું વિસ્તારભયે ટાળ્યું હોય અને સમગ્ર સ્તોત્રના સારરૂપ અંતિમ પદ્ય પોતાના પ્રબંધમાં મૂક્યું હોય-તે સમજી શકાય તેવું છે. પણ તેથી સોમનાથયાત્રા-સમયે માત્ર તે એકજ પદ્ય - આ સ્તોત્રગત - બોલ્યા હોય, એવું અનુમાન યોગ્ય નથી. આવા સમર્થ આચાર્ય એક બે શ્લોકમાં સ્તુતિપાઠ પતાવી દે એ ગળે ઊતરે પણ નહિ, અને તે વખતે ઉપસ્થિત રાજાઓ - રાજપુરુષો તથા અજૈન ધર્મધુરંધરો તેમજ વિરાટ જન સમુદાયની જિજ્ઞાસા પણ આટલાથી તૃપ્ત થઈ શકે નહિ. વળી, એક પ્રબંધ એવો પણ છે કે જેમાં એક નહિ, પણ ૨૦ પદ્યો પ્રસ્તુત દ્વાત્રિંશિકાનાં જોવા મળે છે. એ ૨૦ પદ્યોમાં વાચના, અલબત્ત, તાડપત્રીય પ્રતિમાં ઉપલબ્ધ પાઠ સાથે મહદંશે સમાન છે, પરંતુ તેમાં પણ બે પદ્યોનો પ્રક્ષેપ થયેલો તો છે જ. એ બે પદ્યો થોડાક પાઠભેદ સાથે આજે પ્રચલિત મહાદેવ સ્તોત્રમાં જોવા મળે છે, જ્યારે તાડપત્રીય પ્રતિની વાચનામાં તે પદ્યો છે નહિ.

૪. દાર્શનિક પદાર્થોનું નિરૂપણ કે ચર્ચા તેમજ તજ્જનિત રહસ્યાત્મક કાઠિન્ય આ સ્તોત્રમાં ન હોવાને કારણે તેને 'સરળ' ગણી લેવું એ એક વાત છે. અને 'મહાદેવ' સમક્ષ ઉપસ્થિત થયા પછી, તેમના મહત્ત્વ અને ઐશ્વર્ય પર સૂક્ષ્મ વિમર્શ કરતાં કરતાં ઉપનિષદો અને પુરાણોના અધ્યાત્મ-સંસ્પર્શ ધરાવતાં વિચારોને હૈયે આણી તેને શબ્દદેહે પ્રગટ કરાતા આ 'સરળ' સ્તોત્રમાં નિહાળવા એ અલગ દૃષ્ટિની વાત છે. અગાઉ ત્રિમૂર્તિ વિષયક સવાલ અને તેના ઉત્તરમાં થયેલા પ્રતિપાદન વિશે કરેલી રજૂઆતને ધ્યાનપૂર્વક તપાસતાં આ સ્તોત્રની તેવી બીજી અનન્ય વિશેષતાઓ મરમીજનોને અવશ્ય જડી શકે; અને એવા મરમી જનો જ આ સ્તોત્રની યથાર્થ ઓળખાણ પામી તથા આપી શકે. આમ છતાં, આ માટે એક વધુ ઉદાહરણ આપણે તપાસીએ:

अर्हं એ હેમાચાર્યનો પરમપ્રિય અને નિત્ય હૃદયસ્થિત પ્રણિધાન મંત્ર હતો. તેમના તમામ ગ્રંથોનો શુભારંભ अर्हं ના સ્મરણ સાથે જ થયો છે. પ્રસ્તુત મહાદેવ બત્રીશીમાં પણ તેમણે એ अर्हंની નિરૂક્તિ અને તેનાં ઘટક તત્ત્વો સ્ફુટ રીતે વર્ણવ્યાં છે. મહાદે સમક્ષ અને ત્રિમૂર્તિ સમક્ષ સ્તવના કરતાં હોય ત્યારે સામાન્યત: જે બીજાક્ષર જૈન તત્ત્વ સંબધ્ધ જ મનાય છે, તેનું સ્મરણ થવું, તે બીજાક્ષરમાં જેમ જૈન ધર્મના પાંચ પરમેષ્ઠિનો તેમ બ્રહ્મા-વિષ્ણુ-મહેશનો પણ સમાવેશ - ઘટક તત્ત્વ લેખે કરી બતાવવો, એ આવા પ્રખર રહસ્યવેત્તા દાર્શનિક વ્યક્તિત્વ સિવાય કોને સૂઝે કે આવડે ?

અને આ રહસ્ય, શિવલિંગ સમક્ષ તો, ત્યાં જવાનું થયું ત્યારે આચાર્યે ઉચ્ચાર્યું; પરંતુ તે અગાઉ પણ તેઓ આ રહસ્યનું પ્રતિપાદન કરી ચૂક્યા છે, તે પણ આપણે ભૂલવું ન જોઈએ. સિદ્ધરાજની વિજ્ઞપ્તિથી સર્જેલા સિદ્ધહેમ શબ્દાનુશાસન - વ્યાકરણની સ્વરચિત બૃહદ્વૃત્તિમાં, વ્યાકરણના પ્રથમ સૂત્ર "अर्हँ"નું વિવેચન કરતાં એમણે 'અર્હઁ'એ અક્ષરને "सकलागमोपनिषदभूत–જેમ જૈન તેમ અજૈન આગમોના પણ રહસ્યભૂત" મંત્ર તરીકે ઓળખાવ્યો છે. અને તેમ કરવાનું કારણ બૃહદ્વૃત્તિના વિવરણકાર શ્રીકનકપ્રભસૂરિએ એવું આપ્યું છે કે "શબ્દાનુશાસન-વ્યાકરણ સર્વદર્શન સંમત બાબત છે, એટલે તેના મંગલાચરણમાં નમસ્કાર પણ સર્વદર્શનોને માન્ય હોય તેવો જ મૂકવો ઉચિત; તેથી આચાર્યે અહીં 'અર્હઁ' બીજાક્ષરને મંગલ સ્વરૂપે આલેખ્યો છે. આ બીજાક્ષર એક તરફ જૈનસંમત પંચપરમેષ્ઠિના ઘનસ્વરૂપ છે, તો બીજી તરફ તે અજૈનસંમત બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વરના પણ ઘનસ્વરૂપ છે. અને તેથી જ આ અક્ષર સકલાગમોના ઉપનિષદ્ રૂપ છે." વ્યાખ્યાકાર આ અર્થઘટનના સમર્થનમાં હેમાચાર્યની મહાદેવ બત્રીશીનો જ એક શ્લોક "अकारेणोच्यते विष्णुः" અહીં ટાંકી બતાવે છે.

આમ, સમગ્રલક્ષી વિમર્શ કરતાં મહાદેવ દ્વાત્રિંશિકામાં દર્શનશાસ્ત્રના કિલષ્ટ પદાર્થો જોવા ન મળતાં હોય તોય, ઉપનિષદો અને પુરાણોનાં રહસ્ય તત્ત્વો ઠલવાયેલાં તો અનુભવાય છે જ.

તો આવા સમર્થ પ્રતિભાસંપન્ન, સમન્વયમૂર્તિ અને વળી એક યોગીને જ છાજે તે હદે અનાસક્ત/નિર્લેપ આચાર્યની ભક્તિ અને પ્રીતિ-બલ્કે શિષ્યત્વ-સિદ્ધરાજ અને કુમારપાળ જેવા સમ્રાટો પણ ઝંખે તેમાં શી નવાઈ ?

હેમચન્દ્રાચાર્યના શિષ્યો પણ દિગ્ગજ વિદ્વાન અને પ્રતિભાસંપન્ન આચાર્યો હતા. તેમના સઘળા શિષ્યોની વાત ન કરીએ, તોય પટ્ટશિષ્ય આ. રામચન્દ્રની વાત જરૂર નોંધવી જોઈએ.

અજ્ઞાનકર્તૃક અને અપૂર્ણ પ્રાપ્ત ચતુરશીતિપ્રબંધાન્તર્ગત કુમારપાલદેવપ્રબંધ (સિંઘી, કુમારપાલચરિત્રસંગ્રહ, પૃ. ૧૧૨-૧૬)માં જણાવ્યા અનુસાર આ. રામચન્દ્ર એ મૂળે ચારણજ્ઞાતિના હતા. અને હેમાચાર્ય પાસે દીક્ષા લીધા પછી, સર્વવિદ્યા-પારંગત બન્યા પછી એકવાર, માર્ગે ગુરુ સાથે તેઓ જતા હતા ત્યારે રસ્તામાં તૂટેલી રત્નમાળા પડેલી તેમની નજરે પડી. તે જોતાં જ તેઓ બોલી ઉઠ્યા :

"એક વખત એવો હતો કે રસ્તે વેરાયેલા દાણા (અનાજના) વીણી વીણીને સંચય કરવામાં અભિલાષ થતો હતો અમને (આ વાક્ય તેમની પૂર્વાવસ્થાની સ્થિતિનું સૂચક છે), અને આજે રસ્તે પડેલાં રત્નો તરફ પણ અમને આદર જાગતો નથી."

આ. રામચન્દ્ર અદ્‌ભુત પ્રતિભાવંત કવિ હતા, ગ્રંથકાર હતા. તેમણે અનેક ગ્રંથો રચ્યાના નિર્દેશો મળે છે. दशरूपक કરતાં સવાયો द्वादशरूपक નું નિરૂપણ કરતો "प्रबन्धशत" નામે તેમનો અમર ગ્રંથ - જે થકી તેઓ प्रबन्धशतकर्तृ તરીકે પ્રખ્યાત થયા હતા તે - આજે તો અપ્રાપ્ય છે, પરંતુ તેમણે રચેલાં नाट्यदर्पण, द्रव्यालङ्कार (ત્રુટક) અને અન્ય કેટલાંક નાટકો આજે પણ સંસ્કૃત સાહિત્યમાં આગવી પ્રતિભા પાથરતાં ઉપલબ્ધ છે જ.

આ. રામચન્દ્રનાં સ્વાતંત્ર્યપ્રેમ અને સ્વાતંત્ર્ય પરત્વે પ્રાણાંતે પણ કોઈ જ બાંધછોડ ન કરવાની ખુમારી - એ વિશિષ્ટ / વિલક્ષણ તત્ત્વો છે, જે તેમના ગ્રંથોમાં વારંવાર ડોકાય છે, તો તેમના જીવનમાં પણ તે ખુમારીની ભવ્ય ઝલકો જોવા મળી આવે છે. કુમારપાળના મૃત્યુ પછી રાજસિંહાસને બેઠેલા રાજા અજયપાળે જ્યારે આ. રામચંદ્રને હુકમ કર્યો કે કાં મારી આજ્ઞાનુસાર બાલચંદ્રને આચાર્યપદે સ્થાપો, કાં રાજસભામાં તપાવેલા તવા ઉપર બેસીને આત્મવિલોપન કરો; ત્યારે પણ બાલચંદ્રને પદવી નહિ આપવા માટેની ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરીને, "અંતરાત્મા સિવાય કોઈનીય આજ્ઞા માનવાને હું બંધાયેલો નથી" એમ કહીને એમણે ગૌરવભેર અને હસતાં મોંએ મૃત્યુનો માર્ગ અપનાવી લીધો હતો, (સં. ૧૨૩૦)એ પ્રસંગ તેમની ખુમારીની પરાકાષ્ઠાનો ઘોતક છે. ચારણ જ્ઞાતિને સહજ સાધ્ય એવી આકરી પ્રકૃતિમાં સાધુ સુલભ નિરીહતા અને જ્ઞાનજન્ય મસ્તીનું મિશ્રણ થવાથી તેમનામાં આવી અલૌકિક સ્વાતંત્ર્ય - ખુમારી બની હોય તો તે સંભવિત છે.

વિ. સં. ૧૨૯૮ના વર્ષે મંત્રીશ્વર વસ્તુપાળના વિદેહ થયા પછી, મંત્રી તેજપાળના નેતૃત્વ હેઠળ, પાટણમાં મળેલા શ્રીસંઘના એક સંમેલનની ઐતિહાસિક હકીકતો નિરૂપતા એક લુપ્ત થયેલા શિલાલેખની હસ્તપ્રતો ઉપલબ્ધ થાય છે. તેમાં તે સંમેલનમાં ઉપસ્થિત વિવિધ આચાર્યોનાં નામોમાં કેટલાક ચૈત્યવાસી આચાર્યો છે તો કેટલાક વસતિવાસી (આજની પરિભાષામાં સંવેગી કહી શકાય) આચાર્યો છે. એ નામોમાં શ્રીહેમચન્દ્રાચાર્યની પટ્ટ પરંપરામાં આવેલા પ્રતિનિધિનું નામ આ પ્રમાણે મળે છે: "राजगुरु श्रीँ हेमचन्द्रसूरि संताने श्री मेरुप्रभसूरि ।"

આ દસ્તાવેજથી સ્પષ્ટ સમજાય છે કે હેમાચાર્ય વસતિવાસી આચાર્ય હતા; તેમની ખ્યાતિ સમકાલીન અને પશ્ચાત્કાલીન સંઘ/આચાર્યોમાં 'राजगुरु' તરીકેની હતી; અને ૧૨૯૮ના વર્ષે તેમની પરંપરામાં મેરુપ્રભસૂરિ નામે આચાર્ય વિદ્યમાન હતા. આ આચાર્ય હેમાચાર્યના પ્રશિષ્ય હોત તો તો सन्ताने ની જગ્યાએ પ્રશિષ્ય લખી શકાયું હોત; પરંતુ પ્રશિષ્ય પછીના ચોથી કે પાંચમી પાટના તે શિષ્ય-આચાર્ય હશે એવું અનુમાન યોગ્ય લાગે છે. અને સંઘના સંમેલનમાં તેમને યાદ કરવા પડે કે તેમનો અભિપ્રાય લેવો પડે, તે હકીકતથી એવું પણ ફલિત થાય છે કે તેઓ પણ સમર્થ અને પરિવારસંપન્ન આચાર્ય હોવા જોઈએ; અને તે ફલિતને યથાર્થ માનીએ તો તેમના પછી પણ તે હેમશિષ્યપરંપરા - કેટલોક વખત સુધી ચાલી હોય તો તે બનવા જોગ છે.

પો. શુ. ૮ ૨૦૪૫ ભોયણી.

## *महादेव बत्तीसी* ના સંપાદનમાં ઉપયુક્ત આધારભૂત સામગ્રીનો પરિચય :

પ્રસ્તુત महादेव बत्तीसीની વાચના અને પાઠાંતરો માટે મુખ્યત્વે ત્રણ વાચનાઓ આધારલેખે નજર સમક્ષ રાખવામાં આવી છે, જેમાં એક તાડપત્રીય હસ્તપ્રતિ છે અને બે મુદ્રિત આધારો છે.

**તાડપત્રીય પ્રતિ:** ખંભાતના શ્રી શાન્તિનાથ પ્રાચીન તાડપત્રીય જ્ઞાન ભંડારમાં 'શ્રાવક ષડાવશ્યકસૂત્ર' નામક પ્રતિ છે, જે અનુમાનત: વિક્રમના ચૌદમા શતકના પૂર્વાર્ધના સમયગાળામાં લખાયેલી હોવાનું જણાય છે. તેનો ક્રમાંક ૧૧૮ છે. પરિમાણ ૧૪.૭ x ૨.૨ ઈંચ છે. જુદાં જુદાં સૂત્રો અને પ્રકરણાદિના સંકલનરૂપ આ પોથીના પત્રાંક ૨૨૫ થી ૨૨૭માં, પ્રસ્તુત સંપાદનમાં મુખ્યરૂપે જેનો ઉપયોગ કર્યો છે તે, महादेव बत्तीसी છે. આ કૃતિનાં પદ્ય જોકે ૩૩ છે, છતાં છેવટે महादेव बत्तीसी એમ લખેલું વંચાય છે. આ પ્રતિની વાચના, કેટલાંક સ્થળો સિવાય, એકંદરે શુદ્ધ જણાય છે. જે સ્થળો અશુદ્ધ જણાયાં છે તેનો નિર્દેશ ટિપ્પણોમાં થયો છે, અને ત્યાં તે આ પ્રતિનો પાઠ હોવાનું સૂચવવા માટે खंता. એવી સંજ્ઞા પ્રયોજી છે.

**કુપાપ્ર :** બીજો અને મુદ્રિત આધાર છે શ્રી कुमारपाल चरित्र संग्रह અંતર્ગત શ્રી કુમારપાલ-પ્રબંધ. ભારતીય વિદ્યા ભવન - મુંબઈના આશ્રયે પ્રગટ થતી સિંઘી જૈન ગ્રન્થમાલાના ૪૧મા ગ્રન્થ તરીકે, ઈ. સ. ૧૯૫૬માં, પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજી દ્વારા સંપાદિત આ ગ્રન્થમાં પૃ. ૬૨-૬૩માં महादेवस्तोत्र ના ૨૦ શ્લોકો મળે છે. એ શ્લોકોનો પાઠ મહદંશે તાડપત્રીય પાઠને મળતો છે, તે નોંધપાત્ર છે. જોકે શ્લોકોના ક્રમમાં ઘણો તફાવત છે. જેમકે તેમાં ૧-૨ શ્લોક પછી ત્રીજા શ્લોક તરીકે દશમો શ્લોક છે. તે પછી તેરમો ચોથા તરીકે, ૨૦થી ૨૪ તે ૫ થી ૯મા તરીકે, ૨૬ અને ૨૫ ક્રમશ: ૧૦ અને ૧૧ તરીકે, ૨૭ થી ૩૦ તે ૧૨ થી ૧૫ તરીકે, ૩૨મો તે સોળમો, ૩૧મો તે ૧૭મો અને ૩૩મો તે ૨૦મો - એ રીતે યોજના છે. વળી, ૧૮ અને ૧૯મા શ્લોક તરીકે તેમાં બે શ્લોક વધારે - તાડપત્રીય વાચનામાં નહિ તેવા - મળે છે, તે આ:-

"हंसवाहो भवेद् ब्रह्मा, वृषवाहो महेश्वरः ।<br>
गरुडवाहो भवेद् विष्णु – रेकमूर्तिः कथं भवेत् ? ॥ १८ ॥

कमलहस्तो भवेद् ब्रह्मा, शूलपाणिर्महेश्वरः ।<br>
शङ्खचक्रधरो विष्णु – रेकमूर्तिः कथं भवेत् ?" ॥ १९ ॥

આ બે શ્લોકો મુદ્રિત/પ્રચલિત સ્તોત્રપાઠમાં થોડાક ફેરફાર સાથે જોવા મળે છે ખરા. પરંતુ પ્રસ્તુત પ્રબંધમાં મળતાં ૨૦ પદ્યોમાં આ બે જ શ્લોકો વધારેના - તાડપત્રમાં નહિ તેવા - જોવા મળે છે, તે જોતાં સામાન્યત: એવા તારણ પર આવી શકાય કે - (૧) આ પ્રબંધ રચાયો હશે તે સમયમાં પ્રસ્તુત દ્વાત્રિંશિકામાં પ્રક્ષેપ થવાનો આરંભ થઈ ગયો હશે, અને (૨) એ પ્રબંધની રચના થતાં સુધીમાં આ સ્તોત્રનો વધુ પડતો પ્રસ્તાર કદાચ નહિ થઈ ગયો હોય.

કુમારપાલ ચરિત્ર સંગ્રહાંતર્ગત પ્રબંધમાં મળતી આ વાચનાના પાઠભેદો વગેરે માટે અહીં कुपाप्र. એવી સંજ્ઞા વાપરવામાં આવી છે.

मुद्रितः પ્રસ્તુત બત્રીશી-સ્તોત્ર જૈન સંઘમાં ખૂબ જાણીતું છે અને તે वीतराग महादेव स्तोत्र के महादेव स्तोत्र એવાં નામે અનેક સ્થળે છપાયું છે અને આજે પણ છપાતું રહે છે. તેના ગુજરાતી પદ્ય-ગદ્યાત્મક અનુવાદો પણ છપાયા છે અને તેનાં સંસ્કૃત વિવરણો પણ પ્રસિધ્ધ છે. આ બધાંમાંથી અહીં, શ્રી આત્માનંદ જૈન સભા-ભાવનગર તરફથી, ઈ. ૧૯૩૪માં પ્રકાશિત श्रीवीतराग-महादेव स्तोत्रम् નામક લઘુ પુસ્તિકાની વાચનાનો આધાર લેખે ઉપયોગ થયો છે. આ વાચના મુનિ શ્રી ચરણવિજયજી દ્વારા સંપાદિત છે અને અત્યંત શુધ્ધ છે. પ્રસ્તુત સંપાદનમાં જ્યાં તાડપત્રીય પાઠમાં અશુધ્ધિ વગેરે જણાયાં, ત્યાં તેમજ પાઠાંતરો માટે આ પુસ્તિકાગત વાચનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે (ક્યારેક कुपाप्र. ની વાચનાનો પણ ઉપયોગ કર્યો છે), અને ટિપ્પણોમાં આ આધારને मु. (मुद्रित) તરીકે ઓળખાવવામાં આવ્યો છે.

આ મુદ્રિત વાચનામાં, જે પ્રચલિત પદ્યો વધુ મળે છે તેનો સમાવેશ થયો છે, અને તે કારણે મુદ્રિત વાચનાની શ્લોક સંખ્યા ૪૪ની થાય છે. મૂળે ૩૩ શ્લોકોના સ્તોત્રમાં કાળક્રમે વધતાં વધતાં ૧૧ શ્લોક ઉમેરાયા હોવાનું, આ ઉપરથી, સહેજે કલ્પી શકાય છે. ઉમેરાયેલા શ્લોકો અને તેના પ્રચલિત ક્રમાંક આ પ્રમાણે છે:-

"एकमूर्तिस्त्रयो भागा, ब्रह्म-विष्णु-महेश्वरा: ।

परस्परं विभिन्नाना - मेकमूर्तिः कथं भवेत् ? ॥ २१ ॥

अक्षसूत्री भवेद् ब्रह्मा, द्वितीयः शूलधारकः ।

तृतीयः शङ्खचक्राङ्क - एकमूर्तिः कथं भवेत् ? ॥ २७ ॥

मथुरायां जातो ब्रह्मा, राजगृहे महेश्वरः ।

द्वारामत्यामभूद् विष्णु-रेकमूर्तिः कथं भवेत् ? ॥ २९ ॥

हंसयानो भवेद् ब्रह्मा, वृषयानो महेश्वरः ।

गरुडयानो भवेद् विष्णु-रेकमूर्तिः कथं भवेत् ? ॥ ३० ॥

पद्महस्तो भवेद् ब्रह्मा, शूलपाणिर्महेश्वरः ।

चक्रपाणिर्भवेद् विष्णु-रेकमूर्त्तिः कथं भवेत् ? ॥ ३१ ॥

कृते जातो भवेद् ब्रह्मा, त्रेतायां च महेश्वरः ।

द्वापरे जनितो विष्णु-रेकमूर्त्तिः कथं भवेत् ? ॥ ३२ ॥

यजमानो भवेदात्मा, तपोदानदयादिभिः ।

अलेपकत्वादाकाश - सङ्काशः सोऽभिधीयते ॥ ३६ ॥

सौम्यमूर्त्तिरुचिश्चन्द्रो, वीतरागः समीक्ष्यते ।

ज्ञानप्रकाशकत्वेन, आदित्यः सोऽभिधीयते ॥ ३७ ॥

अकार आदिधर्मस्य, आदिमोक्षप्रदेशक : ।

स्वरूपे परमं ज्ञान – मकारस्तेन उच्यते ॥४० ॥

रूपिद्रव्यस्वरूपं वा, दृष्ट्वा ज्ञानेन चक्षुषा ।

दृष्टं लोकमलोकं वा, रकारस्तेन उच्यते ॥ ४१ ॥

हता रागाश्च द्वेषाश्च, हता मोहपरीषहाः ।

हतानि येन कर्माणि, हकारस्तेन उच्यते ॥ ४२ ॥

सन्तोषेणाभिसम्पूर्णः प्रातिहार्याष्टकेन च ।

ज्ञात्वा पुण्यं च पापं च, नकारस्तेन उच्यते ॥ ४३ ॥"

આ શ્લોકોનું સૂક્ષ્મ પરીક્ષણ કરતાં સહેજે જણાઈ આવે તેમ છે કે આ શ્લોકો મૂળ સ્તુતિકારના પોતાના નથી. જેમ ઋષિમંડળ સ્તોત્રમાં देवदेवस्य यचचक्रं થી શરૂ થતા શ્લોકનું બન્યું છે તેમ અહીં પણ एकमूर्तिः कथं भवेत् એ પંક્તિને કેન્દ્રમાં રાખીને તેની સાથે સાંકળી શકાય તેવી દરેક વસ્તુ પરત્વે આ પ્રશ્નવાક્યવાળા શ્લોક ઉમેરાતા ગયા છે, એ સમજવું કઠિન નથી. ઉપર લખેલા શ્લોકમાંના ૩૬-૩૭ ક્રમાંકવાળા શ્લોકો, તે તાડપત્રીય વાચના પ્રમાણે ૩૦મા શ્લોકના વિસ્તરણરૂપ છે, તે પણ જોઈ શકાય તેમ છે.

હેમચન્દ્રાચાર્ય મહારાજે अर्हंનું વિવરણ ૩૨મા શ્લોકમાં કર્યું છે, પણ अर्हन् નું નહિ. આમ છતાં ઉપર ટાંકેલાં ૧૨ પદ્યો પૈકી ૪૦ થી ૮૩માં પદ્યોમાં અર્હન્ શબ્દના અનુક્રમે અ-ર્-હ્-ન્ એ અક્ષરોનું વિવરણ થયું છે, તે વાત જ તે પદ્યો ક્ષેપક હોવાનું પુરવાર કરી આપે છે. મહાદેવ સમક્ષ બોલાતી સ્તુતિમાં આઠ પ્રાતિહાર્યવાળા અર્હન્ નું વર્ણન તદ્દન અપ્રસ્તુત બની રહે, એ રીતે વિચારતાં પણ તે શ્લોકો પ્રક્ષિપ્ત હોવાનું સ્પષ્ટ થઈ શકે છે. ટૂંકાણમાં ઉપર ટાંકેલા તમામ શ્લોકો પરત્વે એમ કહી શકાય કે તેમાં ક્યાંય કલિકાલસર્વજ્ઞની વાણીને અનુરૂપ એવી ચમત્કૃતિ જણાતી નથી; અને વ્યાકરણની દૃષ્ટિએ પણ તે શ્લોકો સાવ ક્ષતિમુક્ત નથી જ.

એક પાઠ સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન-બૃહદ્‌વૃત્તિ ઉપરના, શ્રી કનકપ્રભસૂરિકૃત લઘુન્યાસમાંથી પણ મળ્યો છે, જે જોતાં તે સમયે આ કૃતિની અસલ/શુદ્ધતમ વાચના પ્રસિદ્ધ હશે તેમ માનવા મન પ્રેરાય છે. એ પાઠ તે આ : "हकारेण हरः प्रोक्त–स्तदन्ते परमं पदम्" (શ્લોક ૩૨) અહીં સર્વત્ર - તાડપત્રમાં પણ - "तस्यान्ते" પદ મળે છે, ત્યારે લઘુન્યાસમાં "तदन्ते" પાઠ સચવાયો છે, જે નોંધપાત્ર બાબત છે. એ પાઠને અહીં ટિપ્પણમાં सिहेन्यास એવા સંકેત સાથે નોંધવામાં આવ્યો છે.

# श्री महादेव – द्वात्रिंशिका ॥

प्रशान्तं दर्शनं यस्य, सर्वभूताऽभयप्रदम् ।
माङ्गल्यं च प्रशस्तं च, शिवस्तेन विभाव्यते ॥ ॥ १ ॥

महत्त्वादीश्वरत्वाच्च, यो महेश्वरतां गतः ।
राग–द्वेषविनिर्मुक्तं, वन्देऽहं तं महेश्वरम् ॥ ॥ २ ॥

महाज्ञानं भवेद् यस्य, लोकालोकप्रकाशकम् ।
महादानं[२] महाध्यानं, महादेवः स उच्यते ॥ ॥ ३ ॥

महान्तस्तस्करा ये तु, तिष्ठन्तः स्वशरीरके ।[३]
निर्जिता येन देवेन, महादेवः स उच्यते ॥ ॥ ४ ॥

राग–द्वेषौ महामल्लौ, दुर्जयौ येन निर्जितौ ।
महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ॥[४] ॥ ५ ॥

शब्दमात्रो[५] महादेवो,[६] लौकिकानां मते मतः[७] ।
शब्दतो गुणतश्चैव,[८] मूर्तितो जिनशासने ॥ ॥ ६ ॥

शक्तितो व्यक्तितश्चैव, विधान[९] लक्षणं तथा ।
मोहजालं हतं येन, महादेवः स उच्यते ॥ ॥ ७ ॥

नमोऽस्तु ते महादेव !, महादोष[१०]विवर्जित ! ।
महालोभविनिर्मुक्त !, महागुणसमन्वित ! ॥ ॥ ८ ॥

महारागो महाद्वेषो, महामोहस्तथाऽपरः[११] ।
कषायाश्च[१२] हता[१३] येन, महादेवः स उच्यते ॥ ॥ ९ ॥

महाक्रोधो महामानो, महामाया महामदः ।
महालोभो हतो येन, महादेवः स उच्यते ॥ ॥ १० ॥[१४]

महाकामो हतो येन, महाभयविवर्जितः ।
महाव्रतोपदेशी च, महादेवः स उच्यते ॥ ॥ ११ ॥

महादया[१५] दमो यस्य, महाक्षा[१६]न्तिर्महातपाः ।
महामौनी[१७] महायोगी, महादेवः स उच्यते ॥ ॥ १२ ॥

महावीर्यं महाधैर्यं, महाशीलं महागुणाः[१८] ।
महापूजार्हकत्वाच्च[१९], महादेवः स उच्यते ॥ ॥ १३ ॥

स्वयम्भूतं यतो ज्ञानं, लोकालोकप्रकाशकम् ।
अनन्तवीर्य-चारित्रं, स्वयम्भूः सोऽभिधीयते ॥ ॥ १४ ॥

शिवत्वाच्च[२०] जिनः प्रोक्तः, शङ्करश्च प्रकीर्तित : ।
कायोत्सर्गी च पर्यङ्की,[२१] स्त्रीभूषादिविवर्जित[२२] : ॥ ॥ १५ ॥

अनाकारश्च[२३] साकारो, मूर्त्तामूर्त्तस्तथेश्वरः[२४] ।
परमात्मा च बाह्यात्मा, अन्तरात्मा तथैव च ॥ ॥ १६ ॥

परमात्मा[२५] (? परात्मा) ज्ञानयोगेन, बाह्यात्मा[२६] परमव्ययः ।
परा[२७] क्षान्तिरहिंसा च, परमात्मा स उच्यते ॥ ॥ १७ ॥

परमात्मा सिद्धिसम्प्राप्तौ, बाह्यात्मा तु भवान्तरे ।
अन्तरात्मा भवेद् देहे, इत्येष त्रिविधः शिवः ॥ ॥ १८ ॥

सकलो दोषसंयुक्तो[२८], निष्कलो दोषवर्जितः ।
पञ्चदेहविनिर्मुक्तः, सम्प्राप्तः परमं पदम् ॥ ॥ १९ ॥

एकमूर्त्तिस्त्रयो भागा, ब्रह्मा (ब्रह्म) – विष्णु – महेश्वराः ।
तान्येव पुनरुक्तानि, ज्ञान-चारित्र-दर्शनैः[२९] ॥ ॥ २० ॥

कार्यं विष्णुः क्रिया ब्रह्मा,[३०] कारणं तु महेश्वरः[३१] ।
कार्य-कारणसम्पूर्णो, महादेवः स उच्यते ॥ ॥ २१ ॥

प्रजापतिसुतो ब्रह्मा,[३२] माता पद्मावती स्मृता ।
अभीचिर्जन्मनक्षत्रं, एकमूर्तिः कथं भवेत् ? ॥ ॥ २२ ॥

वसुदेवसुतो[३४] विष्णु–र्माता वै[३३] देवकी स्मृता ।
रोहिणी जन्मनक्षत्रं, एकमूर्तिः कथं भवेत् ? ॥ ॥ २३ ॥

पेढालस्य[३६] सुतो रुद्रो, माता वै[३५] सत्यकी स्मृता ।
मूलं तु जन्मनक्षत्रं, एकमूर्तिः कथं भवेत् ? ॥ ॥ २४ ॥

चतुर्मुखो भवेद् ब्रह्मा, त्रिनेत्रस्तु[३७] महेश्वरः ।
चतुर्भुजो भवेद् विष्णुः, एकमूर्तिः कथं भवेत् ? ॥ ॥ २५ ॥[३८]

रक्तवर्णो भवेद् ब्रह्मा, श्वेतवर्णो महेश्वरः ।
कृष्णवर्णो भवेद् विष्णुः, एकमूर्तिः कथं भवेत् ? ॥ ॥ २६ ॥

ज्ञानं विष्णुः सदा[३९] प्रोक्तं, चारित्रं ब्रह्म उच्यते ।[४०]
सम्यक्त्वमीश्वरः प्रोक्तः, अर्हन्मूर्त्तिस्त्रयात्मिका ॥ ॥ २७ ॥

क्षिति–जल[४१]–पवन–हुताशन–यजमाना–ऽऽकाश–सोम[४२] सूर्याख्याः ।
इत्यतेऽष्टौ भगवति, वीतरागे गुणाः प्रोक्ताः ॥ ॥ २८ ॥

क्षितिरित्युच्यते क्षान्ति–र्जलं शान्तिः प्रसन्नता[४३] ।
निस्सङ्गता भवेद् वायु – हुताशो योग उच्यते ॥ ॥ २९ ॥

यजमानो भवेदात्मा, नभो[४४] दान[४५]–दयादिभिः ।
सोममूर्त्तिर्भवेच्चन्द्रो, ज्ञानमादित्य उच्यते ॥ ॥ ३० ॥[४६]

पुण्य–पापविनिर्मुक्तो[४८], राग–द्वेष[४७] विवर्जितः ।
अतोऽर्हद्भ्यो नमस्कारः, कर्तव्यः सिध्धिमिच्छता[४९] ॥ ॥ ३१ ॥

अकारेण[५०] भवेद् विष्णू, रेफे ब्रह्मा[५१] व्यवस्थितः ।
हकारेण हरः प्रोक्त – स्तस्यान्ते परमं पदम् ॥ ॥ ३२ ॥

भवबीजाङ्कुरजनना, रागाद्याः[५२] क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, महेश्वरो वा नमस्तस्मै ॥ ॥ ३३ ॥

महादेव बत्तीसी ॥[५३]

# टिप्पणानि

१. तमहं वन्दे महेश्वरम् खंता. कुपाप्र. । २. महादया दमो ध्यानं मु. । ३. चतुर्थश्लोकस्य पूर्वार्धं खंता, प्रतेस्त्रुटितत्वात् तत्र न समयक् पठ्यते । ४. पञ्चमश्लोकस्योत्तरार्धमपि खंता. प्रतेस्त्रुटितत्वान्न सम्यक् पठ्यते । ५. .मात्रं खंता. । ६. .देवं खंता. । ७. मतम् खंता. । ८. .श्चैवाऽर्थतोऽपि. मु. । ९. विज्ञानं मु. । १०. महामद. मु. । ११. स्तथैव च मु. । १२. कषायश्च मु. । १३. हतो. मु. । १४. मुद्रिते १०–११ पद्ययोर्व्यत्ययो दृश्यते । १५. महानन्दो दया यस्य मु. । १६. महाज्ञानी महा. मु. । १७. महायोगी महामौनी मु. । १८. महागुणः मु. । १९. महापूजाद्यर्हत्वाच्च कुपाप्र., महामञ्जुक्षमा यस्य मु. । २०. शिवो यस्माज्जिनः प्रोक्तः मु. । २१. कायोत्सर्गस्य पर्यङ्कः खंता. । २२. स्त्रीशस्त्रादि. मु. । २३. साकारोऽपि ह्यनाकारो मु. । २४. .स्तथैव च मु. । २५. दर्शनज्ञानयोगेन मु. । २६. परमात्माऽयमव्ययः मु. । २७. परमक्षान्ति. खंता. । २८. .दोषसम्पूर्णो. मु. । २९. .दर्शने खंता., दर्शनात् मु. । ३०. .कारणसम्पन्नो कुपाप्र., .कारणसम्पन्ना मु. । ३१. एकमूर्तिः कथं भवेत्? मु. । ३२. अभीचिजन्म. कुपाप्र., अभिजिज्जन्म. मु. । ३३. .र्माता च. मु. । ३४. श्रवणं तु जन्म. कुपाप्र. । ३५. माता च मु. । ३६. मूलं च मु. । ३७. त्रिनेत्रोऽथ मु. । ३८. मुद्रिते २५ तमः श्लोकः पश्चात्, २६ तमः श्लोकश्च पूर्वम् । ३९. सम्यक्त्वं तु शिवं प्रोक्तं मु. । ४०. .स्त्रयात्मका खंता. । ४१. इत्येताष्टौ. खंता., इत्येत एव चाष्टौ कुपाप्र. । ४२. मताः मु. । ४३. .र्जलं या च प्रसन्नता मु. । ४४. तपोदान. मु., तपोज्ञान. कुपाप्र. । ४५. .मादित्यमुच्यते खंता. । ४६. त्रिंशत्तमश्लोकस्य स्थाने मुद्रिते श्लोकद्वयमेवं –

"यजमानो भवेदात्मा, तपोदानदयादिभिः ।

अलेपकत्वादाकाश – सङ्काशः सोऽभिधीयते ॥ ३६ ॥

सौम्यमूर्त्तिरुचिश्चन्द्रो, वीतरागः समीक्ष्यते ।

ज्ञानप्रकाशकत्वेन, आदित्यः सोऽभिधीयते ॥ ३७ ॥"

४७. मूर्त्तिरागवि. कुपाप्र. । ४८. श्रीअर्ह. मु. । ४९. शिवमिच्छता मु. कुपाप्र. । ५०. अकारे च कुपाप्र. । ५१. . स्तदन्ते. सिहेन्यास । ५२. हरो जिनो वा नम. मु. कुपाप्र. । ५३. इति श्रीमहादेवस्तोत्रम् मु. ।

# परिशिष्टम्

**सिद्धहेमशब्दानुशासनबृहद्वृत्तौ "अर्हं" इति सूत्रं**

**कनकप्रभसूरीय लघुन्यासस्यांशश्च ।।**

मूलम् : – "अर्हं इत्येतदक्षरं परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्धचक्रस्यादिबीजं. सकलागमोपनिषद्भूतं.अशेषविघ्नविधातनिघ्नं अखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमं आशास्त्राध्यायनाध्यापनावधि प्रणिधेयम् । प्रणिधानं चानेनाऽऽत्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः । वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे । अयमेव हि तात्त्विको नमस्कार इति" ।।

लघुन्यासांश :– सकलेति । सकलाः समस्ता ये आगमा लौकिका लोकोत्तराश्च तेषामुपनिषद्भूतं रहस्यभूतम् । ननु अर्हमित्यस्यार्हद्वाचकत्वे सति कथं लौकिकागमानामुपनिषद्भूतमिदम् ? इति । सत्यम् । सर्वपार्षदत्वाच्छब्दानुशासनस्य समग्रदर्शनानुयायी नमस्कारो वाच्यः । अयं चार्हमपि तथा । तथा हि ।।

"अकारेणोच्यते विष्णू, रेफे ब्रह्मा व्यवस्थितः । हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् ।।"

इति श्लोकेनार्हं शब्दस्य विष्णु–प्रभृतिदेवतात्रयाभिधायित्वेन लौकिकागमेष्वपि अर्हमितिपदमुपनिषद्भूतमित्यावेदितं भवति । तदन्ते इति तुरीयपादस्यायमर्थः – तस्यार्हं शब्दस्यान्ते उपरितने भागे परमं पदं सिद्धि–शिलारूपं तदाकारत्वादनुनासिकरूपा कलाऽपि परमं पदमित्युक्तम् ।।

# હેમચન્દ્રાચાર્ય : સારસ્વત-પુત્ર

"હેમચંદ્રાચાર્યના ગ્રંથોની તે વિષયના પ્રાચીન ગ્રંથો સાથે સરખામણી કરતાં આજના કેટલાક વિદ્વાનો તેમણે બીજા ગ્રંથોમાંથી ઉતારાઓ લીધાની વાતો કરે છે. આવા વિદ્વાનો કાં તો વસ્તુને યથાર્થપણે સમજતા નથી હોતા, અથવા સાંપ્રદાયિક કે એવા કોઈ કારણે આમ માની લે છે; પણ એ સાવ ખોટું છે. ગીતા વાંચીને ઉપનિષદ વાંચીએતો એમાં કેટલોય વિષય અને શબ્દરચના સમાન જણાયાં વગર નથી રહેતાં. જેનો એક એક શબ્દ અકાટય જેવો ગણાવવામાં આવે છે તે શંકરાચાર્યના શાંકરભાષ્યને વાંચી બૌદ્ધ તાર્કિક વસુબંધુને વાંચીએ તો વસુબંધુના કેટલાય વિચારો શાંકરભાષ્યમાં નોંધાયેલા મળે જ છે. તો શું આ બધા ઉપર ચોરીનો આરોપ મૂકી શકાય ? માતા અને પુત્રીને સરખાં રૂપ-રંગવાળાં જોઈને શું પુત્રીનું વ્યક્તિત્વ જ વીસરી જવું ? ખરી વાત એ છે કે વિદ્યા અને વિચારની પરંપરાઓ તો ચાલી જ આવે છે, તો પછી એની છાયા પોતાના અધ્યયન અને ગ્રંથસર્જનમાં આવ્યા વગર કેમ રહે ? પૂર્વની વિદ્યાઓ ઉત્તરની વિદ્યાઓમાં આવે જ, પણ સાચી વિશેષતા તો એ વિદ્યાઓને પચાવવામાં છે, અને આ વિશેષતા હેમચંદ્રમાં બરાબર હતી. એટલે બીજા ગ્રંથોના ઉતારાની વાત કરીને એમના પાંડિત્યનું મૂલ્ય ઓછું ન કરી શકાય. મારો કહેવાનો આશય એ નથી કે હેમચંદ્ર કરતાં વધારે પ્રતિભાસંપન્ન બીજા કોઈ ન થાય. વાત એટલી જ કે હેમચંદ્રને તેના યથાર્થરૂપમાં આપણે પિછાણીએ. હેમચંદ્ર જેવી એક જ વ્યક્તિમાં રહેલ જુદા જુદા વિષયના પાંડિત્યનો સમગ્રપણે વિચાર કરીએ તો આપણને એ એન્સાઈકલોપીડિયા જ લાગે. તેથી હું તેમને સારસ્વતપુત્ર કહું છું.'

(પં. સુખલાલજી, દર્શન ચિંતન - ૧/૫૮૦)